શ્રી હીરાણી માતાય નમઃ

**સૂજ્ઞ પરિવાર જન** **તા. ૨૮.૫.૦૯**

# હીરાણી માતાજીના મૂળ સ્થાનકની અને સ્થાનક વિષે વિશેષ માહિતી

આપણા પૂર્વજ શ્રી હીરાચંદ, ચૌહાણ વંશજ અને જાલોરથી પાલણપુર આવેલા અને સાથે ચાંદીની તખ્તી પર કંડારેલ પોતાની કુળદેવી માતાજીની વારાહ–આરુઢ છબી લાવી, તેઓ તેની જેતી ( પૂજા ) કરતા તેથી તે “હીરા ની માતા” ના નામથી જાણીતા થયાં. સમયની સાથે પરિવાર અને લોક–જીભે “હીરાણી માતા” નામ પ્રસિધ્ધ થયું.

આ “હીરા ની માતા” એટલે હીરાણી માતા નું મૂળ સુંધાજીમાં હતું તે વિષે અગાઉ સંક્ષિપ્ત માહિતી મળેલી હતી. તાજેતરમાં વિસ્તૃત માહિતી મળી છે, તે હીરાણી પરિવારની જાણ માટે લખેલ છે. આ માહિતી ઉપલબ્ધ સામગ્રીના આધારે તેમજ સુંધાજી પ્રવાસના સ્વાનુભવથી લખી છે. તેમાં ચુક જણાયતો ક્ષમા કરશો.

**ઇતિહાસઃ**

શ્રી સુંધા માતાજી તીર્થના સંચાલકોની પુસ્તિકા પ્રમાણે આ સ્થાન પૌરાણિક કાળથી છે. આ પર્વત પર વિવિધ પ્રકારની સુગંધી વનસ્પતી થતી હોવાથી સમગ્ર પર્વત પર સુગંધ રહેતી, તેને કારણે આ પર્વત સૌગન્ધિક પર્વતના નામથી ઓળખાતો. કાળક્રમે નામ અપભ્રંશ થઇ સુગન્ધા પર્વત અને સુંધા પર્વત થયું. ઇ.સ. ૬૨૫ માં ભીનમાલના ચૌહાણ રાજા વર્મલાતની કૂળદેવી સુંધા પર્વતના ચામુંડા માતાજી હતાં. ઇતિહાસ માતાજીના આ મંદિરનો સાક્ષી છે. ત્યારબાદ આ પ્રદેશમાં ગુર્જર, પરમાર, ચાવડા, સોલંકી અને ચૌહાણ રાજાઓ થયા. ઇ.સ.૧૩૧૯ માં જાલોરના ચૌહાણ રાજા ચાચિગદેવે પર્વતની સુરંગ સાથે સંકળાયેલ ગુફામાં અક્ષય તૃતિયાના દિવસે માતાજીની પ્રતિષ્ઠા કરી. ( અક્ષય તૃતિયાના દિવસે માતાજીની પ્રતિષ્ઠા કરી, તે આપણી અખાત્રીજની પહેલી જેતી સાથે સુસંગત છે. ) દિલ્હીમાં પૃથ્વીરાજ ચૌહાણના પતન બાદ પઠાણ અને મુસલમાન, બાદશાહોનાં આક્રમણ અને ઇસ્લામ ધર્મનો ઉદય થયો. ચૌહાણ રાજ પરિવારો ફરીવાર જાલોર, સીહોર, ભીનમાલ, જોધપુર, ઉદયપુર, મારવાડ વિગેરે પ્રદેશોમાં સ્થિર થયા.
મોગલ બાદશાહ ઔરંગઝેબના મૃત્યુ બાદ આ પ્રદેશમાં પઠાણ અને મુસલમાન સુબાઓ સાથે, પરમાર, રાઠોડ, ચૌહાણ રાજાઓનાં યુધ્ધો સતત ચાલુ રહેતાં. તે અરસામાં ઘણા લોકો સુખશાંતિ માટે ગુજરાત અને કચ્છ તરફ ગયા અને જૈન ધર્મ તરફ વળ્યા.

**પ્રાથમિકઃ**

સુંધા પર્વત પરના ચામૂંડા માતાજી, સુંધાજી અને સુંધા માતાજી, તેમજ અઘટેશ્વરીના નામથી પ્રસિધ્ધ છે. મંદિરમાં લાલ પથ્થરની પૂર્વાભિમુખ સુંધા માતાજીની મૂર્તિ છે, અને દક્ષિણ બાજુએ સાત માતૃ શકિતઓની લાલ પથ્થરની મૂર્તિઓ છે.( સાત માત્ર શકિતઓ એટલે માતાજીનાં સાત સ્વરૂપ ) તેમાંની એક માતૃ શકિત ( સ્વરૂપ ) વારાહ–આરુઢ વારાહી માતાજી છે.
આ વારાહી માતાજી, હીરાણી માતાજીનું મૂળ સ્વરૂપ છે, તેની આધારભૂત સાબિતી નથી, પણ સાંયોગિક પુરાવા અને તે સમયનો ઇતિહાસ જોતાં તે સત્ય લાગે છે. તે સમયમાં જાલોર, સીહોર, ભીનમાલ, જોધપુર, વિગેરે મૂખ્ય પ્રદેશો હતા, અને સર્વત્ર સુંધા માતાજી અને તેમની સાથેની સાત માતૃ શકિતઓ ખૂબજ પ્રસિધ્ધ હતાં. દરેક કોમ અને નાત જાતના લોકોને તેમના પ્રત્યે અપૂર્વ શ્રધ્ધા અને ભકિત હતી. આપણા પૂર્વજ શ્રી હીરાચંદ, ચૌહાણ વંશજ અને જાલોરથી આવેલા અને તેમનાં કુળદેવી ચામુંડા માતાજી હતાં. તેઓ પોતાની સાથે ચાંદીની તખ્તી પર કંડારેલ વારાહ–આરુઢ માતાજીની છબી લાવેલા, તેથી આ વારાહ–આરુઢ વારાહી માતાજી, સુંધા માતાજીના ( ચામૂંડા માતાજીના ) સાત સ્વરૂપમાંના જ એક છે, તેમ સિધ્ધ થાય છે.

**સ્થળઃ**

સુન્ધા પર્વતની ૪૦૯ મીટરની ઉંચાઇએ, અને પહાડ પર ચઢતાં રસ્તામાં ૪૦ ફુટની ઉંચાઇથી પડતા નયનરમ્ય ધોધમાંથી ઉદ્દભવતી સાંગી નદીથી ( મૂળ નામ સ્ત્રાવન્તી નદી ) ૫૦ ફુટ ઉપર ચામુંડા માતાજીનું મંદિર છે. તળેટીથી પર્વત ઉપર મંદિર પહોંચવા ૬૪૪ પગથીયાં છે. પગથીયાં સારાં અને સહેલાઇથી ૩૦–૪૦ મિનિટમાં ચઢી શકાય છે. ડોળીની સગવડ હોય છે. તળેટી અને પહાડ પર રહેવા માટે સુંદર ધર્મશાળાઓ છે. તળેટીમાંથી ઉપર પગથીયાં ચઢતાં એક ધર્મશાળાના ભવ્ય દરવાજામાંથી ઉપર જવાનું છે. તાજેતરમાં તળેટીથી પહાડ ઉપર જવા માટે રોપ–વે થયો છે.

**જવાનો રસ્તોઃ**

સુંધા માતાજી, પાલણપુરથી, ૧) **ટેક્ષીમાં:** ડીસા-મંડાર-રાનીવાડા થઇને મોટર રસ્તે ૧૪૦ કી.મી. છે. ૨) માઉન્ટ આબૂથી મંડાર થઇ અથવા સીહોરથી માલવાડા થઇને જઇ શકાય છે. ૩) **રેલ્વેમાં:** પાલણપુરથી ડીસા, ભીલડીયાજીથી રાણીવાડા ઉતરી ત્યાં જવાય. રાણીવાડાથી માતાજીના મંદિરની તળેટી ૧૪ કી.મી. છે. પાવાપુરી, ભેરુ-તીર્થ, અને બામણવાડાની યાત્રા સાથે મંડાર થઇ સુંધા માતાજીના સ્થાને સહેલાઇથી જઇ શકાય છે. ૪) આ ઉપરાંત, **ગુજરાત રોડ-વેઝની બસ:** પાલણપુરથી (અમદાવાદથી આવતી) મળે છે, તે દરરોજ સવારના ૮.૦૦ વાગે પાલણપુર બસ સ્ટેન્ડથી મળે છે, તે આશરે ત્રણ થી ચાર કલાકમાં સુંધાજી પહોંચે છે.



**સ્થાનક (માતાની મેડી):**

ઇ.સ.૧૬૩૫માં, શ્રી હીરાચંદ પાલણપુર આવ્યા ત્યારથી અંદાજે ૨૩૦ વર્ષ સુધી હીરાણી માતાજીને કયાં સ્થાપિત કરેલાં, અને માતાજીનું સ્થાનક કોઇ એક જગ્યાએ હતું, તેમજ માતાજીની જેતી કયાં થતી હતી તે વિષે કંઇ જાણકારી નથી. તે બતાવે છે કે, માતાજીનું સ્થાનક સમયે સમયે સંજોગો અનુસાર બદલાતું રહ્યું હશે.

શ્રી હીરાચંદના વંશજ શ્રી ગુમાનચંદભાઇએ ઇ.સ. ૧૮૭૦ આસપાસ, આજથી અંદાજે ૧૩૮ વર્ષ પહેલાં,(હાલની પથ્થર-સડક ઉપર) પોતાના (ભોંયતળીઆના) આશરે ૧૫' x ૧૦' ના નાના મકાનમાં પણ પાછળના ભાગમાં શ્રધ્ધા અને ભકિતભાવથી હીરાણી માતાજીની સ્થાપના કરી. ત્યારથી હીરાણી કુટુંબો ત્યાં જેતી કરતા હતા. ત્યારબાદ એટલે આજથી નેવું વર્ષ પહેલાં સરકારે તે રસ્તો પહોળો કરી તેના પર પથ્થર લગાવ્યા ત્યારથી, આ રસ્તો "પથ્થર સડક" નામથી ઓળખાય છે. રસ્તો બનાવતાં આ મકાન કપાણમાં આવ્યું. ત્યાં સુધી માતાજીની સ્થાપના જુના મકાનના ભોંયતળીયે હતી. સડકના કામ બાદ તેઓએ મકાન પર મેડી બનાવી, ત્યાં માતાજીની પૂર્વાભિમુખ સ્થાપના કરી, ત્યારથી આ સ્થાન "માતાની મેડી" નામથી સુપ્રસિધ્ધ છે. વર્ષોના વિતવા સાથે આ મકાન જીર્ણ થયું.

આ હકિકતને ધ્યાનમાં લઇ, હીરાણી પરિવારના વડીલોની વિનંતિથી, શ્રી ગુમાનચંદભાઇના વંશજ શ્રી રાજીવભાઇ અને શ્રી સંજીવભાઇએ, માતાજીના સ્થાનકવાળું તથા તેની બાજુનું તેમના રહેઠાણનું મકાન, તા. ૮-૧-૨૦૦૩ના બક્ષીસ પત્ર મુજબ હિરાણી માતા સ્થાનક ટ્રસ્ટને, માતાજીનું નવું સ્થાનક બનાવવા ભેટ આપ્યાં. હીરાણી માતા સ્થાનક ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ, હીરાણી પરિવારના સભ્યોની લેખિત સંમતિથી હાલના જીર્ણ મકાનના બદલે બાજુના મકાનની જગ્યામાં નવું સ્થાનક બનાવી તેમાં માતાજીની સ્થાપના કરવી એવો નિર્ણય લીધો. માતાજીના આર્શીવાદ સાથે પરિવારજનો એ અનેરા ઉત્સાહથી તન, મન, ધનનો સહકાર આપ્યો. તેના ફળ સ્વરૂપે પથ્થર સડક પર માતાજીના સ્થાનક ઉપરાંત પાલણપુરનું સુંદર સુશોભિત સંકૂલ, જોવા લાયક સ્થળ બન્યું છે. પાલણપુર નગર પાલિકાએ આ સંકૂલના આગળના ચોકને, "હીરાણી માતા સ્થાનક ચોક" નામ આપ્યું છે. હીરાણી મહેતા પરિવારે તેને યોગ્ય રીતે સુશોભિત બનાવવાનો નિર્ણય કર્યો છે.

હીરાણી માતા સ્થાનક ટ્રસ્ટ વતી,

દિનેશ મહેતા (પ્રમુખ)
૩૬, પૂરબ એપાર્ટમેન્ટ, ૧૩,મે માળે, ૪૨, રીજ રોડ, મુંબઇ.૬.
ફોન: ૨૩૬૩ ૪૨૪૫ અને ૨૩૬૩ ૭૦૬૭
તા. ૨૮.૫.૦૯